**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૭ ટકા




# કથા પ્રારંભે મેળવીએ કથા વકતાનો પરિચય




ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં એક અનોખી ભાગવત કથાનું આયોજન થયું છે. આજથી એ પાવન કથાની શરૂઆત થઈ રહી છે. અહીં આપણે આ કોલમ દ્વારા સતત સાત દિવસ એ પાવન વાણીના સારરૂપ વાતોનું રસપાન કરીશું. 'અબીલ-ગુલાલ'ની જેમ જ આપ સહુ સાથે આ અનોખા અદભૂત-દિવ્ય ગ્રંથની કણિકાઓ વહેંચવાની તક મળી રહી છે એ ભગવત્ કૃપા જ કહી શકાય.

સેકટર-૧ ખાતે પ્રસ્થાપિત સમદર્શન આશ્રમમાં અત્યારે ઉત્સાહ-ઉમંગનો માહોલ છવાયેલો છે. આજથી શરૂ થઈ રહેલી કથા માટે સમદર્શન પરિવારનો પ્રત્યેક વ્યકિત ઉલ્લાસિત છે. આયોજન, વ્યવસ્થા, વહીવટ, શણગાર તમામ કામ પરિવારના સાધકો દ્વારા ખૂબ ખંત, રસ અને ચીવટથી કરવામાં આવ્યા છે. એ આશ્રમની મુલાકાત બાદ જ સમજી શકાય એમ છે. આ સુંદર પવિત્ર વાતાવરણમાં બેસીને વિદુષી પરમ પૂજય ગુરુમાના મુખેથી કથા શ્રવણનો લ્હાવો અનન્ય બની રહેનાર છે.

સંતત્વના લક્ષણો સાથે જ જન્મધારણ કરી બાળવયે જ અધ્યાત્મ માર્ગે આગળ વધવાના સંકલ્પ સાથે ગૃહત્યાગ કરનાર પ.પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ ગુરુજનો પાસેથી ગહનશાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ, તપ અને પ્રભુપ્રાપ્તિની અદમ્ય તત્પરતા થકી જીવનનું લક્ષ્યસિધ્ધ કર્યું છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, ઉપનિષદો, પ્રકરણગ્રંથો અને અનેક પ્રૌઢગ્રંથોની સચોટ સમજૂતીથી હાલ તેઓશ્રી જિજ્ઞાસુ સાધકોના અંતરમાં જ્ઞાનનાં અજવાળાં પાથરી રહ્યાં છે.

જે ગ્રંથના કથામૃતની વાત અહીં રોજ થવાની છે એ ભાગવત શું છે એ જાણીએ. 'ભ' થી ભકિત, 'ગ' થી જ્ઞાન, 'વ' થી વૈરાગ્ય અને 'ત' થી ત્યાગ, આ બધાં સદગુણોનો સમન્વય એટલે ભાગવતશાસ્ત્ર ભાગવતકથા દરેક જીવ માટે તેમનાં પ્રગતિના પંથને ઉજાળનાર અને દિવ્યતા પ્રદાન કરનાર છે. ભાગવતકથાનાં શ્રવણથી મનુષ્યને તેનાં હૃદયમાં પરમાત્માની અનુભૂતિ થાય છે. જીવન શ્રધ્ધામય બને છે. મનુષ્ય સતકર્મ કરવા પ્રેરાય છે નારાયણને અનુભવવાનું, ઓળખવાનું અને તેમાં લીન થવાનું સાધન તે ભાગવતશાસ્ત્ર.

કોઈ પણ વૃક્ષની દરેક શાખા, પાંદડાઓ, કૂંપળો રસયુકત જ હોય છે. પરંતુ તેનો રસાસ્વાદ વૃક્ષના ફળમાંથી જ પામી શકાય છે. તેમ ઈશ્વર સર્વવ્યાપક છે. પરંતુ તેનું સામીપ્ય અને સાંનિધ્ય ભાગવતકથાના શ્રવણ થકી જ પામી શકાય છે. પ્રભુની દિવ્ય લીલાઓનાં શ્રવણથી ભકિતની ભીનાશથી હૃદય હર્યું-ભર્યું બને છે.

ભાગવત કથામાં ભગવાન નારાયણનાં નામનો અનેરો મહિમા છે. શ્રીહરિનાં નામમાં પ્રીતિ અને શ્રધ્ધા રાખી કથા શ્રવણ કરવાથી અશ્વમેઘ યજ્ઞ જેટલું પુણ્યફળ મળે છે તો આવો પ્રત્યક્ષ અથવા પરોક્ષ જે પણ શકય બને આ લાભ જરૂર લઈએ.


# શહેરમાં પારો ૩ ડિગ્રી ગગડયો

## પવનની દિશા બદલાતા એકાએક જ ઠંડી વધી : શહેરીજનોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યુ

ગાંધીનગર, તા.૧૪

હવામાન વિભાગની આગાહી મુજબ જ લઘુત્તમ તાપમાન ઘટી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં પારો સડસડાટ ત્રણ ડિગ્રી જેટલો ગગડતા વસાહતીઓને આકરી ઠંડીનો અનુભવ કરવો પડી રહ્યો છે.

છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં ઘણા બધા ફેરફારો થઈ રહ્યા છે. કયારેક ગાઢ ધુમ્મસ જોવા મળે છે તો કયારેક વરસાદી ઝાપટું પડે છે. બેવડી અને ત્રેવડી ઋતુનો અનુભવ વારંવાર વસાહતીઓને થઈ રહ્યો છે. ગઈકાલથી ઠંડીનો દોર શરૂ થયો છે. હવામાન વિભાગે ગઈકાલે આગાહી કરી હતી કે લઘુત્તમ તાપમાનમાં ભારે ઘટાડો નોંધાશે. આગાહી મુજબ જ ગઈકાલ રાતથી તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાનમાં ભારે ગિરાવટ આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં જ લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી જેટલું ગગડતાં વસાહતીઓ ઠંડીમાં હેરાન પરેશાન થઈ રહ્યા છે. ગઈકાલે સાંજથી જ પવનની ગતિ વધતા આકરી ઠંડીનો અનુભવ થતો હતો. વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં ફરવાની ફરજ પડી હતી. ઠંડીની અસર જનજીવન પર પણ થઈ રહી છે. સાંજ પડતા જ માર્ગો પર વાહનોની અવરજવર સાવ ઓછી થઈ ગઈ હતી. શાકમાર્કેટમાં પણ ગ્રાહકોની



અવરજવર સાવ ઓછી થઈ ગઈ હતી. જે કોઈ છુટાછવાયા વસાહતીઓ નજરે પડતા હતા તેઓ પણ ગરમ વસ્ત્રોમાં જ જોવા મળતા હતા. આજે વહેલી સવારે પણ ધુમ્મસનું પ્રમાણ ઘણું વધારે રહ્યું હતું. વાહનચાલકોને તેના કારણે ખૂબ જ તકલીફ ભોગવવી પડી હતી. દિવસ દરમિયાન પણ મહત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી નોંધાતા દિવસે પણ થોડી થોડી ઠંડી અનુભવાતી હતી. લઘુત્તમ અને મહત્તમ તાપમાનની વચ્ચે મોટો તફાવત રહેતા શરદી-ખાંસીના દર્દીઓમાં વધારો નોંધાયો છે. બેવડી ઋતુની અસર લોકોના સ્વાસ્થ્ય પર પણ થઈ છે. ડિસા, નલીયા અને કંડલા એરપોર્ટ બાદ ચોથા નંબરે ગાંધીનગર રાજયનું કોલ્ડેસ્ટ સીટી બન્યું હતું.

# સાયન્સ સિટી ખાતે ઊર્જા સરંક્ષણ દિવસની કરાયેલ ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત સાયન્સ સિટી ખાતે રાષ્ટ્રીય ઊર્જા સરંક્ષણ દિવસની ઉજવણી પ્રસંગે યોજાયેલ સેશનમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ માહિતીસભર સેશન અને પ્રદર્શન સાથે ઊર્જા સરંક્ષણનું મહત્વ જાણ્યું હતું. ઊર્જા સરંક્ષણ દિવસ દર વર્ષે ભારતમાં ૧૪ ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.



વિશેષજ્ઞ દ્વારા વિદ્યાર્થીઓને પુનઃપ્રાપ્ય ઉર્જાના મહત્વથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ઊર્જા સરંક્ષણ એટલે ઉર્જાનો બિનઉપયોગી વપરાશ ટાળતા ઉર્જાનો લઘુત્તમ ઉપયોગ કરવો. તેનો ઉદ્દેશ ભવિષ્યના વપરાશ માટે ઉર્જાની બચત કરવાનો છે.

નીરમા યુનિવર્સિટીના પ્રો. દર્શિત ઉપાધ્યાયે જણાવ્યું કે દેશની ૬૦-૭૦% વીજળીનું ઉત્પાદન કોલસા પર આધારિત છે. જો કે, નજીકના સમયમાં સૌર-ઉર્જા અને જૈવ-ઉર્જા કે જે પર્યાવરણને સહાયક છે તે કોલસાનો વિકલ્પ બનશે. તેઓએ જૈવ-ઉર્જાનું મહત્વ પણ સમજાવ્યું કે જેમાં કૃષિ કચરો, ઔદ્યોગિક કચરો અને પ્રાણીઓના કચરાનો સમાવેશ થાય છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે "ટૂંક સમયમાં પિરાના (અમદાવાદ) ખાતે ભેગો કરેલો જૈવ કચરાનો ઉપયોગ ઉર્જા ઉત્પન્ન કરવા માટે થશે. આ ઉર્જા કોલસાથી વિપરીત પર્યાવરણ સહાયક અને પુનઃપ્રાપ્ય હશે."

ત્યારબાદ તેઓએ સાયન્સ સિટીના એનર્જી એજ્યુકેશન પાર્ક ખાતે પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓને હાઈડ્રો-ઉર્જા અને સૌર-ઉર્જાની કાર્યરીતિ સમજાવી હતી.

## વર્ષ ૨૦૨૨ સુધી ટીબીને નાબુદ કરવાનું અભિયાન

# ટી.બી.ના કેસ છુપાવનાર ડૉકટર સામે પોલીસ ફરિયાદ

### માણસાના ખાનગી ડૉકટરે ટીબીના દર્દીની સારવાર શરુ કરી હોવા છતાં સરકારને જાણ ન કરી : આવા ડૉકટરો સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરની સુચના : કેસ છુપાવતા ડૉકટરોમાં ફફડાટ : વેચાણ થયેલી દવાની માહિતી છુપાવનાર મેડીકલ સ્ટોર સંચાલકો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૪

ભારત સરકારના રાજપત્ર અનુસાર ખાનગી ડૉકટરોએ પણ તેમની પાસે સારવાર લઈ રહેલાં ટીબીનાં દર્દીઓની જાણ સરકારમાં કરવાની હોય છે. આ નિયમોનું પાલન ન કરનાર ગાંધીનગર જિલ્લાના માણસાનાં એક ડૉકટરે હવે જેલના સળિયા પાછળ જવાનો વારો આવ્યો છે. માણસાના એક ખાનગી ડૉકટરે ટીબીના દર્દીની સારવાર શરુ કરી હોવા છતાં નિયમ મુજબ સરકારને જાણ ન કરતા ટીબીના કેસ છુપાવનાર આ ડૉકટર સામે માણસા પોલીસમથકમાં ગુનો દાખલ થવા પામ્યો છે. માણસા પોલીસે ડૉકટર સામે આઈપીસી કલમ ૨૬૯ અને ૨૭૦ મુજબ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ જિલ્લા કલેકટરની સુચના આધારે તંત્ર એ આવા કેસ છુપાવતા ડૉકટરો શોધવાની કવાયત શરુ કરી છે.

મળતી માહિતી મુજબ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને તાજેતરમાં યોજાયેલી ડીસ્ટ્રીકટ ટીબી ફોરમની બેઠકમાં કલેકટરે અધિકારીઓને આદેશ આપ્યા હતા કે ટીબીના દર્દીઓની વિગતો છુપાવતા ખાનગી ડૉકટરોની સામે કડક કાર્યવાહી શરુ કરો. આ સુચના અનુસંધાને તંત્ર દ્વારા ચેકીંગ શરુ કરવામાં આવતા ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે એક હોસ્પિટલ ચલાવતા ખાનગી ડૉકટર તંત્રની ઝડપે ચઢી ગયા છે. પોતાની હોસ્પિટલમાં ટીબીના દર્દીની સારવાર ચાલુ કરી હોવા છતાં ભારત સરકારના નિયમનું ઉલ્લંઘન કરી આ ડૉકટરે સરકાર સમક્ષ ટીબીના દર્દી અંગેની નોંધણી કરાવી ન હતી. કેસ છુપાવનાર આ ડૉકટર સામે જિલ્લા આરોગ્ય વિભાગના મહિલા અધિકારી ડૉ. એમ.બી. ચૌહાણે માણસા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરુ કરી છે.

ડૉકટર સામે ફરિયાદ નોંધાવનાર જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એમ.બી. ચૌહાણના જણાવ્યાનુસાર આગામી દિવસોમાં ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય વિભાગના તમામ કર્મચારી-અધિકારીઓ દ્વારા ટીમ બનાવીને આવા છુપાવવામાં આવેલા ટીબીના કેસ શોધવાની કામગીરી ચાલુ રહેશે અને જો આવા કેસ મળશે તો તેવા તમામ ડૉકટરો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તે ઉપરાંત કેટલાક ખાનગી કેમીસ્ટ દ્વારા સીડયુલ એચ-વન રજીસ્ટર નિભાવવામાં ન આવતું હોવાની મળેલી માહિતીને આધારે કેમીસ્ટોને ત્યાં પણ ચેકીંગ કરવામાં આવશે અને સીડયુલ એચ-વન અંતર્ગત સમાવિષ્ટ ટીબીની દવાનું વેચાણ અંગેની જાણ સરકારને નહી કરવામાં આવી હોય તો તેમની સામે (મેડીકલ સ્ટોર) પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ટીબીને વર્ષ ૨૦૨૨ સુધીમાં નાબુદ કરવાના અભિયાન અંતર્ગત આ કાર્યવાહી સઘન બનાવાશે.

## લીમ્બડીયા પાસે માર્ગ ઓળંગતી વખતે ટ્રકની ટક્કરે ગામના વડીલનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા લીમ્બડીયા પાસે ચિલોડા-નરોડા માર્ગ પર ટ્રકની અડફેટે ગામના જ એક વડીલ આવી જતા તેમનું મૃત્યુ થયુ હતું.ગતરોજ સાંજના સુમારે ગામના દશરથભાઈ ભલાભાઈ પટેલ માર્ગ ઓળંગી રહ્યા હતા તે સમયે અચાનક નરોડા તરફથી પુરપાટ ઝડપે આવી રહેલી ટ્રકની અડફેટે લીમ્બડીયાના વડીલ આવી જતા તેમનું ઘટના સ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. ટ્રક નં. એન.એલ. ૦૧.એ.એ.-૧૭૪૯ નો ચાલક અકસ્માત બાદ ટ્રક મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે મૃતકના કાકા અને લીમ્બડીયાના સરપંચ હર્ષદભાઈ બાબુભાઈ પટેલે ફરીયાદ નોંધાવતા ડભોડા પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ભાટ પાસે થયેલા અકસ્માતમાં અજાણ્યા પુરૂષનું સારવાર દરિમાયન મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાટ પાસે ૧૨ દિવસ અગાઉ અકસ્માત માં ઈજા પામેલ પુરૂષનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું છે. ૧૨ દિવસ અગાઉ કોઈ અજાણ્યા વાહને આ પુરૂષને ટકકર મારી અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક ભાગી છુટ્યો હતો. આ અકસ્માતમાં અંદાજીત ૪૫ વર્ષીય અજાણ્યો પુરૂષ કપાળના ભાગે ઈજા થતા ઘાયલ થયો હતો, બેભાન થઈ ગયેલા ઈજાગ્રસ્તને સ્થાનિક નાગરીકોએ તાત્કાલીક સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા. જયારે ૧૩ ડિસેમ્બરના રોજ ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. જેને પગલે અડાલજ પોલીસે ઘટના અંગે અજાણ્યા વાહન ચાલક સામે અકસ્માતે મોતનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



નાગરિકોને સુવિધા આપવાની તંત્રની ફરજ છે પરંતુ તે સુવિધાનો ઉપયોગ કરવો અને તેની જાળવણી કરવાની ફરજ તો આમ જનતાની જ છે. નાગરિકોની સુવિધા માટે શહેરમાં ઘણા સ્થળોએ ડસ્ટબીન મુકવામાં આવ્યા છે, બેસવા માટે બાંકડા મુકવામાં આવ્યા છે પરંતુ તેની હાલત કેવી થઈ છે તે આપણી નજર સામે છે. રિલાયન્સ ચોકડી પાસે મુકવામાં આવેલું ડસ્ટબીન કેટલાક તત્વોએ તોડી નાંખ્યું છે અને તેને બાજુની ઝાડીમાં મુકી દીધું છે.

## ક-૭ પેટ્રોલ પંપ ખાતે ફરજ બજાવતા યુવકનું પેથાપુર પાસે માર્ગ અકસ્માતમાં મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

પેથાપુર ચોકડી પાસે સવારના સુમારે ૯ વાગ્યાના અરસામાં રાંધેજા ચોકડી નજીક ખેતરમાં રહેતા યુવકનું મૃત્યું નિપજયુ હતુ. મુળ કલોલના નારદીપુરનો યુવક મહેશ ચેહરાજી ઠાકોર ગાંધીનગર શહેરના ક-૭ પાસે પેટ્રોલપંપ પર નોકરી કરતો હતો. શુક્રવારના રોજ પેટ્રોલ પંપ ખાતે બાઈક લઈને નોકરી પર જવા માટે નીકળ્યો હતો. તે સમયે ફતેપુરા ત્રણ રસ્તા નજીક એમ.એચ.-૧૮.બી.જી. ૩૫૫૧ નંબરના ટ્રકના ચાલકે ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે યુવક માર્ગ પર નીચે પટકાયો હતો. યુવકને મોંઢાના ભાગે તેમજ કપાળ અને હાથે પગે ઈજા પહોંચી હતી. જેને પગલે નાગરીકોએ તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે મોકલી આપ્યો હતો. જયા ફરજ પરના હાજર ડોકટર દ્વારા તેને ચકાસીને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરના નાગરિકોને પ્રાપ્ત થઈ રહ્યું છે 'મા નું તેડું'

### સચિવાલયના કર્મચારીઓ-અધકારીઓથી માંડીને તમામ સેકટર્સના અગ્રણીઓ, સંસ્થાઓના હોદ્દેદારો સહિત પાટીદાર પરિવારોને કંકોત્રી : કંકોત્રી આપવા સ્વયંસેવકોની ફોજ શહેરમાં ચૌરે-ચૌટે ફરી રહી છે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં તમામ કડવા-લેઉવા પાટીદારો સહિત સચિવાલયના કર્મચારીઓ-અધિકારીઓ, શહેરના વેપારીઓ, શહેરની પાટીદાર તથા અન્ય સંસ્થાઓના હોદ્દેદારો વગેરેને ઊંઝાથી 'મા નું તેડું' પ્રાપ્ત થઈ રહ્યું છે. ઊંઝામાં યોજાનાર 'લક્ષચંડી મહાયજ્ઞ'ની કંકોત્રી આપવા પાટીદાર સ્વયંસેવકો શહેરમાં શેરીએ શેરીએ ઓફિસે ઓફિસે અને દુકાને દુકાને ફરી રહ્યા છે અને જેને 'મા નું તેડું' પાઠવવામાં આવે છે તેને કંકુ-તિલક-ચોખા નાડાછડી સાથે સન્માન અને આદરપૂર્વક પાઠવવામાં આવે છે.

ગાંધીનગરના સેકટર-૧૨ ખાતેના 'ઉમિયા માતાજી સંસ્થાન'ના પ્રમુખ ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે શહેરમાં વસતા તમામ પાટીદારો પછી તેઓ કડવા પાટીદાર હોય કે લેઉઆ પાટીદાર સૌને પરિવાર સહિત લક્ષચંડી મહાયજ્ઞ માટે આમંત્રણ તો અપાઈ રહ્યું જ છે પરંતુ તે સાથે પાટનગરની સરકારી કચેરીઓના વર્ગ-૪ થી લઈ ઉચ્ચ કક્ષાના અધિકારીઓને પણ આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. વળી, શહેરના વેપારીઓ, પાટીદાર સંસ્થાઓ ઉપરાંત અન્ય સંસ્થાઓના હોદ્દેદારો તથા વિવિધ સામાજિક-રાજકીય અગ્રણીઓને પણ લક્ષચંડી મહાયજ્ઞનો લાભ લેવા 'મા નું તેડું' આપવામાં આવ્યું છે. આ કાર્ય માટે પાટીદાર સ્વયંસેવકોની ફોજ સાથે દરેક સોસાયટી વસાહતમાં પ્રતિનિધિઓની નિમણુંક કરવામાં આવી છે. આ સાથે તમામ સેકટરના પ્રતિનિધિઓ પણ નીમવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી તા. ૧૮મીથી ૨૨ ડિસેમ્બર દરમિયાન ઊંઝા ખાતે વિશાળ ભવ્ય લક્ષચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.



ચોમાસા દરમિયાન વધી ગયેલી ઝાડીઓ અને વૃક્ષોને કાપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ઘ-૨ થી ઘ-૫ સુધીના માર્ગે નીચે નમેલી ઝાડની ડાળીઓનું કટીંગ કરવામાં આવ્યું છે. જેથી તે વાહનચાલકો અને રાહદારીઓને નડે નહીં.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૨૦.૪૫
**મર્દાની-૨**
૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૫૦, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૩૦
**પાનીપત**
૧૨.૪૫, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૪૦
**કમાન્ડો ૩** - ૧૨.૨૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૯.૩૦, ૧૨.૦૫, ૨.૪૫, ૫.૨૫, ૮.૦૫, ૨૦.૪૫
(અંગ્રેજી) ૧૦.૩૦, ૯.૩૦
**મર્દાની-૨**
૧૦.૨૫, ૧૨.૪૫, ૩.૦૫, ૮.૧૫, ૧૦.૩૫
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૫૦, ૧.૩૫, ૪.૨૦, ૧૦.૧૫
**પાનીપત**
૯.૫૦, ૩.૫૫, ૧૦.૦૫
**કમાન્ડો-૩** - ૧.૧૦
**હેલ્લારો (ગુજરાતી)**
૩.૫૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧૨.૩૫, ૨.૫૫, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
(અંગ્રેજી) ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૨.૧૫, ૪.૫૫, ૭.૩૫, ૯.૧૫, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૯.૩૦, ૧૨.૩૫, ૩.૪૦, ૬.૩૦, ૯.૫૫
**પાનીપત**
૧૨.૧૦, ૬.૨૫
**કમાન્ડો-૩** - ૪.૦૫

**સિટી પલ્સ, કુડાસણ**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(હિન્દી) ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૦૦
(અંગ્રેજી) ૨.૪૫, ૭.૪૫
**મર્દાની-૨**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
**પાનિપત**
૧૨.૪૫, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
**ચાલ જીવી લઈએ** - ૧૧.૪૫
**હેલ્લારો (ગુજરાતી)** - ૭.૩૦

## આજે ગાંધીનગરમાં

- વચનામૃત જ્ઞાનવર્ષા મહત્સવ અંતર્ગત સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે સવારે ૮ કલાકે વચનામૃત કથા સત્સંગ, ઠાકોરજીના મહાભિષેક દર્શન, સમુહ આરતી તથા પૂર્ણાહુતિ સભા યોજાશે.
- સે-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે પૂજય ગુરુમા સમાનંદ સરસ્વતીજીની વ્યાસપીઠે યોજાયેલ શ્રીમદ ભાગવત સપ્તાહ અંતર્ગત સવારે ૭ વાગ્યે ગણેશ-વિષ્ણુ પૂજન કથા પ્રારંભ, સવારે ૮.૩૦ વાગ્યે ભાવગત મહાત્મ્ય તથા સવારે ૯ કલાકે મંગલાચરણ વરાહ અવતાર.
- ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે સે-૧૯ સ્થિત જીમખાના ખાતે ઉદ્ગમ સુરોત્સવ યોજાશે.
- સે-૧૨ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન ગુરુ બ્રાહ્મણ સમાજના કલાકારોનો 'સંગીતથી શબ્દાયનનો પરિચય' કાર્યક્રમ યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. મહેશજી ચહેરાજી ઠાકોર, ઉ.વ. ૨૨
- સ્વ. લલીતાબેન ગીરધારીલાલ દરજી, ઉ.વ. ૭૮
- સ્વ. મધુબેન લાલજીભાઈ ચૌહાણ, ઉ.વ. ૭૧